
।। श्री हरिः ।।

# आंतरराष्ट्रिय पुष्टिमार्गिय वैष्णव परिषद

संचालित

# श्री वल्लभकृपा कीर्तन मंडळ

१५/इ, हलाई लोहाणा निवास, शंकरबारी लेन,
चीरा बजार, मुंबई - ४०० ००२. फोनः २२०७६०९८ / ६६३७२७५८



ભક્તકવિ શ્રી પદ્મનાભદાસજી કૃત રસિકપદોની

સીડી, એમ.પી.3 તથા પુસ્તિકા

# "રાગ રંગ રંગી રસકો રાસ રંગી હૈ...."

Scanned by CamScanner

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવપરિષદ દ્વારા સંચાલિત શ્રીવલ્લભ કૃપા કિર્તન મંડળ દ્વારા, શ્રીઠાકોરજીની નીત્યનામ સેવામાં ગવાતાં ઋતુકાલીન કીર્તનોપર આધારીત, ષડ્ઋતુઓની કીર્તનમાળાની સી.ડી.એમ.પી.૩ તથા પુસ્તિકા અને કીર્તન પ્રશિક્ષણના પંચવર્ષિય અભ્યાસક્રમની સીડી.એમ.પી.૩ તથા પુસ્તિકા - પ્રગટ કરવામાં આવ્યાં.

પરિષદ હવે ભક્તકવિ શ્રી પદ્મનાભદાસજી કૃત રસિકપદોની સીડી.એમ.પી.૩ તથા પુસ્તિકા"રાગ રંગ રંગી રસભો રાસ રંગ રંગી હૈ.. .." પ્રગટ કરતાં આનંદનો ભાવ અનુભવે છે.

આ કાર્યમાં સહયોગ આપવા બદ્દલ, પરિષદ પ.ભ.ભાઈશ્રી હર્ષદભાઈ પોરેચા તથા પ.ભ.શ્રીવંશહરિદાસભાઈનો અંતઃકરણપૂર્વક આભાર માને છે.

મહાપ્રભુજી શ્રીવલ્લભના અનન્ય સેવકોમાં જેમનું નામ પ્રથમ હરોળમાં મૂકી શકાય એવા ભક્તકવિ શ્રી પદ્મનાભદાસજી જન્મે બ્રાહ્મણ અને કર્મે ભાગવતકથાકાર હતા, પરંતુ મહાપ્રભુજીનું શરણ સ્વીકાર્યા બાદ, આ સમયાવધિમાં આપશ્રીએ પ્રભુની વિવિધ લીલાઓનો, શ્રી ગુસાંઈજીની વધાઈના, શ્રીમહાપ્રભુજીના તેમજ અન્ય અનેકવિધ પદોની રચના કરી છે. કીર્તનોના આ રસસાગરમાંથી મહામૂલા મોતી સમા કેટલાંક રસિક પદોનો રસાસ્વાદ સી.ડી./એમ.પી.૩ દ્વારા માણી ધન્ય બનીયે.શ્રીગુંસાઈજીની વધાઈના આ પદથી મંગલાચરણ કરીએ..



Scanned by CamScanner

૧) હેલી, રસમય શ્રી વલ્લભસુત પ્રગટ ભયે આજ...

શ્રીસ્વામિનિજી અને શ્રીશ્યામસુંદરના સ્નેહરસથી રસમય બનેલાં શ્રી ચન્દ્રાવલીજીનું સ્વરુપ એટલે શ્રીગુંસાઈજી, એવા રસમય શ્રીવલ્લભસુતના પાગટ્યપર્વના આ પ્રત્યક્ષ દર્શન કરતા, ભક્તકવિ શ્રીપદ્મનાદાસજી ઝાંખી કરી રહ્યા છે કે શ્રી ગુંસાઈજીના અંગે અંગમાંથી એ રસરાજની લીલાઓના તરંગો ઊઠી રહયા છે. સંયોગાત્મક શૃંગારરસમાં કેલીસમયના દ્રષ્ટિવિલાસો, ભ્રમર, ભાલપ્રદેશ અને કમનિય સાજ થી આપશ્રીનું શ્રીઅંગ શોભી રહ્યું છે. એવા મહાકારુણિક શ્રીવિઠ્ઠલ પ્રભુ, પ્રભુની દિવ્યલીલાઓથી રસાલ છે. એટલુંજ નહી પણ પ્રેમલક્ષણભક્તિના સાચા અર્થ માં રક્ષક છે. સ્મરણ માત્ર થી જીવનો ઉધ્ધાર કરી એને પુષ્ટિપ્રભુ પ્રત્યેના સાચા ભાવની પરિધિમાં શ્રીવિઠ્ઠલ બાંધી દે છે. વિરહાગ્નિમાં સદૈવ અવગાહન કરતા, અધ્ભુત સ્વરુપ વાગાધિશકુમાર તો સર્વ વ્રજજનોના શિરતાજ છે.



Scanned by CamScanner

## ૧) હેલી, રસમય શ્રી વલ્લભસુત પ્રગટ ભયે આજ...
રાગ- ભૈરવ , તાલ -ઝપતાલ

હેલી !રસમય શ્રી વલ્લભસુત પ્રગટ ભયે હે આજ માઈરી
અંગ અંગ ધુતિ તરંગ, મધુરાવલિ કેલિપ્રસંગ,
દ્રગ-વિલાસ ભ્રોંહ ભાલ, કમનિય સાજ ।।૧।।
લીલામૃત રસાલ પ્રેમ ભક્તિકે પ્રતિપાલ,
સ્મરણ કરે નિહાલ, ભાવકી બાંધેપાજ ।।૨।।
પદ્મમનાભ વાગધીશ કુમાર કેલિકલા અખિલ,
વિરહવન્હિ અવગાહત વ્રજજન શિરતાજ ।।૩।।



Scanned by CamScanner

૨) પાન પીકસો રંધ્રમુંદ ગયો,કવણિત વેણુ વૃંદાવન અધર, છુવાયો...

રસિકેશ્વર લલિતત્રિભંગી પ્રભુ, મંદ મંદ સ્વરે વેણુવગાડતા, વૃંદાવનમાં વિહાર કરી રહ્યા છે. ત્યાં પ્રભુના પાનપીક રુપી અધરસુધા-રસથી વેણુના છિદ્રો પુરાઈ જાય છે. મુરલીનો મધુરરવ બંધ થતા જ પ્રભુ વેણુનો રન્ધ્રો ને શ્વાસ દ્વારા ખોલવાનો પ્રયત્ન કરે છે. વેણુને ધોતાંજ એમાં એકત્ર થયેલી, પાનપીકની રજકણો પરાગ પૃથ્વી ઉપર ફેલાય છે. ફલસ્વરુપે સર્વે વ્રજજનોને આધિદૈવિક સંયોગ રસની પ્રાપ્તિ થાય છે.

આ અધ્ભુત પ્રાપ્તિથી ગોપિકાઓના હૈયે, પ્રભુ મિલનની આરત જાગે છે, ધીરે ધીરે એ તિવ્રતમ બને છે અને ગોપિકાઓ વિરહ-મકરંદ રુપ પરમ વિપ્રયોગાત્મક આનંદની પ્રાપ્તિ કરે છે.

પદ્મમનાભદાસજી વર્ણવે છે કે, સારસ્વત કલ્પમાં પ્રભુના વેણુનાદ દ્વારા ગોપીજનોની જે ગતિ થઈ હતી, બિલ્કુલ એજ દશા, એ ગતિ, આ કલિકાલમાં શ્રી વલ્લભે- બ્રહ્મસંબંધ, શ્રી સુબોધિનિજી વગેરે દ્વારા દૈવીજીવોને કરાવી છે.



Scanned by CamScanner

૨) પાન પીકસો રંધ્રમુંદ ગયો,ક્વણિત વેણુ વૃંદાવન અધર, સો છુવાયો..

રાગ- સારંગ , તાલ ઝપતાલ

પાન પીક્સો રંધ્ર ભુંદ ગયો,
ક્વણિત વેણુ વૃંદાવન અધર છુવાયો
સ્વર સબ મુંદગયે, લિયે હાથમેં નિહારત,
ફૂંકસો સુધારસ પુની સુદામાસો ધુવાયો।।૧।।

પરોરી પરાગ ભુવિપર અનુરાગ મિલિ ગયો, મધુર મોદ મન ઉપજાયો
વ્રજજન ફુલવારી - બેઠે જહાં,
વિરહ મકરંદ સબ ગોકુલ ન ચખાયો ।।૨।।

જિત તિતતે સુધ લાવત સખી સબ ભઈ વેસી ગતિ જેસી
જા દિનબજાયો પદ્મનાભ પ્રભુ રસિક
સુંદરવર લાલ ગિરિધરકો પ્રશંસ સબલાયો ।।૩।।



Scanned by CamScanner

### ૩) એસી બંસી બાજ રહી બન ઘનમેં...

શ્રી મહાપ્રભુજીની વધાઈનું આ અતિ સુંદર પદ છે. શ્રીવલ્લભના પ્રાગટ્ય સમયે, આધિદૈવિક વ્રજભુમિનો આવિર્ભાવ થયો હતો.

રાસ રમણ સમયના વેણુનાદથી મહામુનિઓની સમાધિ લાગી હતી, વ્રજઘોષ રત્ન શ્રીગોપિકાઓના અણુએ અણુમાં અનુપમ આહ્લાદ પ્રગટ થયો હતો. ફલ સ્વરુપે સર્વે લૌકિકનો ત્યાગ કરી એ પ્રભુપદ અનુરાગી બની હતી.

આવી જ રાસાદિક અનેક લીલાઓના ભાવથી યુક્ત મુખારવિંદવાળા શ્રીવલ્લભના દર્શનમાત્રથી ભક્તકવિના હ્રુદયમાં વિપ્રયોગાત્મક રસપ્રાપ્તિની ભાવના , અગ્નિસમ પ્રચંડ બને છે. ભક્તકવિ જણાવે છેકે ત્યારે પ્રભુએ વણુનાદ દ્વારા અને આજે લક્ષ્મણભટ પુત્ર શ્રી વલ્લભે દૈવીજીવોના હ્રુદયમાં આ વિરહાનલજગાડી એમને વ્યસનદશાના આનંદની પ્રાપ્તિ કરાવી છે.



Scanned by CamScanner

## ૩) એસી બંસી બાજ રહી બન ધનમેં...

રાગ- સારંગ , તાલ - ધ્રુપદ ચૌતાલ

એસી બંસી બાજ રહી બન ધનમેં,
વ્યાપી રહી ધ્વનિ મહામુનિનકી સમાધિ લાગી ।।૧।।

ભયો મહા બ્રહ્મનાદ ઊઠત ઊગ્રાલ્હાદ જહાં તહાં
વ્રજધોષ રત્નવૃંદ ભયે સબ ત્યાગી, ।।૨।।

રાસાદિક અનેક લિલા રસભાવ પૂરિત મૂર્તિ
મુખારવિંદ છબિ ધરે , વિરહાગ્નિ જાગી ।।૩।।

તબ વેણુનાદ દ્વાર અબ લક્ષ્મણભટ ભુપકુમાર
પદ્મનાભ દૈવોધ્ધાર કાજ અર્થત્યાગી ।।૪।।



Scanned by CamScanner

## ૪) નિકુંજ વૈભવ દામોદરદાસ દેખી...

શ્રી વલ્લભ સદૈવ જેમને દમલા નામથી સંબોધતા, એ શ્રી દામોદરદાસ હરસાનિજીના આધિદૈવિક લલિતાજી સ્વરૂપની આમાં વાત છે. દામોદરદાસજી ને સ્વયંના લલિતાસ્વરૂપના, ગોલોકધામના, આધિદૈવિક વૃંદાવનના અને એમાં ટહેલ કર્તી સખીઓના દર્શન થઈ રહયા છે. આ વૃંદાવન-નિબિડવૃક્ષો, લુમીઝુમી રહેલી લતાઓ અને રમણ-ભ્રમણ માટેની રાવટીઓથી શોભી રહયું છે. શ્રીયમુનાજીના રત્નખચિત કિનારાઓ, ત્યાંના મુકતા-મણિમય વૃક્ષોની હારમાળા, અખંડ નીત્યકેલી પરિપૂર્ણ શ્રીગિરિરાજજી ના શિખરોની શોભા અનુપમ છે.યમુના પુલિન-સારસ હંસ ઈત્યાદિ પક્ષીઓના કલશોર અને કમલપંકિતઓનાં ગૂંજન કરતા ભ્રમરોથી શોભાયમાન છે. ત્યાં ગૌર-શ્યામ શ્રીઅંગયુકત,યુગલ-સરકારના દર્શન થતાંજ, શ્રીદામોદરદાસજીનું ચિત્ત વિહવલ બને છે. આપશ્રીને સખિઓ સાથે ટહેલ કરવાની ઇચ્છા જાગે છે. આપશ્રી શ્રીવલ્લભ સમક્ષ પોતાના આધિદૈવિક સ્વરૂપમાં ભળી જઈ ભાગવદ્ સેવા કરવાની ઈચ્છા પ્રગટ કરે છે, અને"निखिलेष्टदः""पूर्णकाम:"અને"भक्तेच्छापूरक" શ્રીવલ્લભ, સ્વયં પરમ સેવકને ઈચ્છાપૂર્તિનું વરદાન આપે છે. દામોદરદાસ પોતાને કૃતકૃત્યસમજી , શ્રીવલ્લભના ચરણકમલ ગહિ - એક જન્મમાં નહી , જન્મોજન્મ આ સુખની પાપ્તિ માંગે છે.

આ સમગ્ર દીવ્યલિલાના સાક્ષી રૂપ, શ્રીપદ્મનાભદાસજીની બાનીમાંથી આ પદ પ્રગટ થાય છે



Scanned by CamScanner

૪) નિકુંજ વૈભવ દામોદરદાસ દેખી...
રાગ- શુધ્ધ સારંગ , તાલ - દાદરા.

નિકુંજ વૈભવ દામોદરદાસ દેખી,
ચાહત હૈ મિલવો સખીયનમેં ટહેલ હિત;
કનક ભૂમિ પર કદંબ સઘન વિપિન ઠોર ઠોર,
લતા લુમ ઝુમિ રહી જગમગાત રવનભાવન રાવટી જિતતિત ।।૧।।

નિજ સ્વરૂપ નિકટ યમુના કૂલ દોઉ રત્ન ખચિત
છતરીનકી પંકિત જહાં કેલી હે અખંડ નિત ;
પુલિન નલિન નિકટ શિખર શોભા કુછ કહી ન જાત,
સારસ હંસ મોર કીર કોકિલ કુજત હૈ ગાન કરત મધુવ્રત ।।૨।।

નિરખગૌર શ્યામઅંગ શોભિત ચિત કરે પ્રશંસ;
લક્ષ્મણભટ સુત ઉદાર વચન દીયો દમલાપ્રત
પદ્મનાભદાસ કૃત કૃત્ય ભયે દોર ચરણ કમલ ગહે
પુષ્ટિ પક્ષ બેન કહે એક જન્મ રાજ યહ કીજે મત ।।૩।।



Scanned by CamScanner

## ૫) મધુવન સઘન સ્વરસપૂરિત ભ્રૂકુટી ભાવ સંકુલિત...

મધુવન જે યુગલસરકારના એકાંત રસવિલાસોનું અનુપમ સ્થાન છે. રસનિધિ રસેશ, વેણુનાદના અમૃતરસથી જેનું સિંચન કરે છે, સ્નેહયુક્ત ભ્રુકુટિભાવથી અને શ્યામ-શ્યામાના વિલાસરાસ રસથી જે પરિપૂર્ણ છે. ઉભય દિશાઓથી યુગલ સરકારના હાસવિલાસથી દેખાતી દશનપંકિતઓ રૂપી સૂર્યપ્રભા જ્વાં ફેલાયેલી છે એ આધિદૈવિક મધુવન જ વાગધિશ પ્રભુ-શ્રીવલ્લભાને રહેવાનું એકાંત સ્થાન છે. શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં આપનું એક નામ "रहः प्रियाय "પણ છે.

તે આધિદૈવિક મધુવન, ગોપિસહિત યુગલસરકારના હાસ્ય-લાસ્ય ભરપુર મદનરસથી મનોહર બન્યું છે. જ્યા શરદસમયના એ અનુચર ચન્દ્રને અગ્રેસર કરી, પ્રભુએ સપ્તરંગથી પ્રગટ કરેલા વેણુનાદની અમૃતધારાઓ સમગ્ર વ્રજ ઉપર વરસી રહી છે. તેજ બંસીપથ ને પ્રગટ કરી શ્રી વલ્લભે પ્રેમલક્ષણાભક્તિ સભર પુષ્ટિમાર્ગ, એના પુષ્ટિજીવો માટે પ્રગટ કર્યો છે.

અંતિમપંક્તિઓમાં ભક્તકવિ શ્રીપદ્મનાભદાસજી ભાવજગતની ચરમસીમાને પાર કરી જાય છે. આપશ્રી વર્ણવે છે કે ગોપિભાવયુક્ત આ રહસદન માં લૌકિક - ચરણ દેહ અને માર્ગથી પ્રવેશ થાવો શક્ય નથી . વેણુનાદામૃત રસ સિંચત, પ્રેમભક્તિનો જે માર્ગ ગોપિકાઓને પ્રાપ્ત થાયો હતો તે માર્ગ, શ્રી વલ્લભપદરજ પરાગ કૃપાથી જ પ્રાપ્ત થઇ શકે. અન્યથા નહીં.



Scanned by CamScanner

૫) મધુવન સઘન સ્વરસપૂરિત ભ્રૂકુટી ભાવ સંકુલિત...

રાગ- ઈમન , તાલ -ઝપાતાલ.

મધુવન સઘન સ્વરસ્પૂરિત ભ્રૂકુટી ભાવ સંકુલિત નેહવર,
સહજ સુગંધ અદ્દ્ભુત અખંડિતનિબિડતમ ઉભાય
વિલાસ રાસ રસ લલિતલતાનકૃત ગહવર,
દિનકર દરાન પ્રભા દુહું દિશાતે વાગધીશ રહિવેકો રહ ઘર ।।૧।।

વચન માધુરી પ્રફુલ્લિત હસન લસન કલ મેન
મનોહર ઈત કોઉ ઉત ન અધાત સુખ સીંચત કાનનકો સોઈ ધન
સપ્તરન્ધ્ર બંસીપથ પ્રગટિત શરદ ઈન્દુ અનુચર
આગે કરી પ્રેમ બલલરી લગી એક વ્રજ પર ।।૨।।

એકાકી ન જાન તાહી અબ વ્રજરત્નનમેં ભાવનિકર પદ્મનાભ
યહ નિધિ વાકી ચરણ બિન અંગ બિન મગ ચલવો
શ્રીવલ્લભ પદરજ બલ તવ મિલવો
ગોપિજન માર્ગ પુનિ આગે મધુરેશ પ્રભુકર ।।૩।।



Scanned by CamScanner

## ૬) કોઉ રસિક નહિં યા રસકો...

ભગવદ્ રસપાનના અધિકારી વિરલાઓજ હોય છે અને શ્રીવલ્લભના ચરણકમલ પરાગમાં અનન્યભાવ જ આ ભગવદ્રસનો અનુભવ કરાવી શકે છે. એવો ભાવ વ્યક્ત કરતું , ભક્તકવિ શ્રીપદ્મનાભદાસજીનું આ પદ છે, વાગધિશ શ્રીવલ્લભની વચનસુધાથી ભરપુર, જેમાં વ્રજપુરવધૂઓના આધિદૈવિક સ્નેહ-સ્વરૂપની વાત છે. - એવા અતિ ગહન સુબોધિનીજી ને સાંભળવાની તીવ્ર ઈચ્છા, એના પ્રત્યે રૂચી કોઈને થતી નથી. કારણ આ વિષય અતિગહન છે. આ વૃંદાવન ઉદધિનો પાર પામવો અતિ દુષ્કર છે.

કેવળ લક્ષ્મણભટ્ટકુમાર શ્રીવલ્લભના, મધુરરસપુરિત ચરણકમલ પરાગમાં; જેને અનન્યભાવ પ્રગટ થાય છે તે દૈવી જીવોનેજ ભગવદ્રસનો સ્વાદ લેવાની તીવ્ર ઈચ્છા પ્રગટ થાય છે. ત્યારે જ તે આ દીવ્યરસનો સ્વાદ માણવા અધિકારી બને છે.



Scanned by CamScanner

## ૬) કોઉ રસિક નહિં યા રસકો...

રાગ-સોરઠ , તાલ - દાદરા

કોઉ રસિક નહિ યા રસકો,વાગધિશ વચનામૃત ગહવર,
પરાકાષ્ઠા પ્રેમ પ્રસંગિત, વ્રજપુર વધુ સ્વરૂપ નેહ,
સુન સુન કાહુ ન કસકો ।।૧।।

શ્રીવૃંદાવન, આનંદ ઉદધિકો પાર નહિ કહું જસકો,
શ્રીલક્ષમણસુત ચરણકમલ, પરાગ મધુપૂરિત,
પદ્મનાભ અતિ તાકો હે ચસકો ।।૨।।



Scanned by CamScanner

## ૭) અવની રમણ મધુરમયવૃક્ષ...

રાસ સમયનું આ અતિ અદ્દ્ભુત પદ છે. શરદની એ રાત્રીએ, વૃંદાવનની અલૌકિક ભૂમિમાં ખેલાયેલા એ અધ્ભુત-આધિદૈવિક રાસોત્સવને, એક પ્રચંડ-ઘેવરવૃક્ષ રૂપે ભક્તકવિ શ્રીપદ્મનાભદાસજી નિહાળી રહ્યા છે. આ અલૌકિક વૃક્ષ એની ભાવ શાખાઓથી સુખદ છાયા આપી રહ્યાં છે. જે સંસારના ત્રિવિધ તાપને શમાવનારૂંછે. ગોપિકાઓની દેહયષ્ટિ એ જાણે સુકોમળપર્ણોના આ ઘટાટોપ સમુહ છે. જેના ઉપર, રાગ-અનુરાગ પ્રચુર શ્રીકૃષ્ણચન્દ્રનો માહાત્મ મધુર દેહ એટલે પ્રભુનો મનઃચન્દ્ર, મંજરી બનીને સ્નેહ વરસાવી રહ્યો છે. શ્રીગોપિકાઓ સાથે , શ્રીરસિકેન્દ્રશેખર પ્રભુએ, આત્મા-મન-વાણી-પ્રાણેન્દ્રિય અને શરીર એમ પાચં પ્રકારે કરેલું રમણ, એ દીવ્યવૃક્ષ ઉપરના પરિપક્વ ફલ છે. આ ફલોના રસાસ્વાદનના અધિકારી ગોપિકાઓ સિવાય અન્ય કોણ હોઈ શકે?

શ્રીપદ્મનાભદાસજી આ અદ્દ્ભુત દર્શનની ઝાંખી કરતા અનુભવે છે કે વૃંદાવનની આ આધિદૈવિક ભૂમિ ઉપર રમણ કરતા યુગલસ્વરૂપજ વલ્લભ રૂપે આ અવનિતલ ઉપર પધાર્યા છે. આચાર્યચરણ શ્રીવલ્લભની દેહયષ્ટિ, સાક્ષાત રાસોત્સવ રૂપ મધુરવૃક્ષ છે. કારણ રસિકેન્દ્રપ્રભુના સંયોગ-વિયોગાત્મક કેલિવિલાસોના રસદાનથી એ પરિપૂર્ણ છે. જેની અનુભુતિ શ્રીવલ્લભચરણકમલની સેવાથીજ પ્રાપ્ત થઈ શકે છે.



Scanned by CamScanner

૭) અવની રમણ મધુરમયવૃક્ષ...
રાગ- કેદાર , તાલ -ઝપતાલ

અવની રમણ મધુરમય વૃક્ષ ઉદ્ભવ પ્રચંડ્ મૃભાવ
શાખા સરલ હરિત ઘન તદિત સમ સુખદ છાયા વ્રજ પ્રેમ ખંડમ્ ।।૧।।

પત્રકિસલય નિબિડ યુવતિ પર વશીકર વપુ મોહાત્મક મધુર દેહમ્,
રાગાનુરાગ ભર નિકર શશિમોદકર મંજરી મોહ નિજનેહ યેહં ।।૨।।

મધુર દાનાવૃત રસ બહુ ફલિત ફલ સ્વાદ અધિકાર ભંડાર
ભવનમ્ ચલ વિચલ રહંસિ વૃન્દાવનં સૂચનં પ્રગટ એતાદશં પાદપદ્મમ્।।૩।।

પદ્મનાભા દિ ઋષિ પુષ્ટિમાર્ગગામી, ઉપાસિત ચરણ સેવિત પ્રસાદમ્,
મધુરોત્સવાત્મક રૂપ ગહ્વરારણ્ય, વદતિવ્રજ વલ્લભી વલ્લભનાદમ્ ।।૪।।



Scanned by CamScanner

## ૮) રસિક નાગર વક્ત્ર અનુરક્ત યાસ્વામિની વદનેન્દુ રમણરંગે...

રસિકનાગર શ્રીશ્યામસુંદરે જે કાર્ય, સારસ્વતકલ્પમાં વેણુ દ્વારા કર્યું હતું, તે જ કાર્ય કલિકાલમાં શ્રીવલ્લભે સુબોધિનિજી આદિ ગ્રંથો દ્વારા કર્યું છે. એ ભાવને પ્રગટ કરતા આ પદમાં; રસિકનાગર શ્રીશ્યામસુંદર રસિકશિરોમણિ શ્રીરાધાજીના વદનેન્દુ પ્રત્યેની અનુશક્તિને કારણે, ક્ષણે ક્ષણે બદલાતા ભાવથી, બદરીફૂલ જેવા શ્વેત- રક્તવર્ણની કાંતિથી શોભતા, બિરાજી રહયા છે. સ્વામિનિજી પ્રત્યેના વિવિધ ભાવોથી સંયુત , પ્રભુના નેત્રો, નાસિકાઓનું મોતી અને ભ્રુભંગ ભક્તહૃદયમાં અનંતભાવ સમુહને પ્રગટ કરે છે. મોરપિંછના અમુહથી ગૂંથેલી અલકાવલિ પ્રભુએ મસ્તક ઉપર ધારણ કરી છે. સાથે સુધાનો સંગ છે. એટલે અમૃતરસવરસાવનારી મુરલિકા પણ પ્રભુએ ધારણ કરી છે. શતસહસ્ત્ર ગોપિઓથી પ્રાર્થએલા પ્રભુ નિકુંજમાં બિરાજી રહયાં છે. ત્યાંજ સ્વામિનિજીના અનંગવર્ધક મુખાકમલનું સ્મરણ થતાં જ વિપ્રયોગાત્મક ભાવ પ્રગટ થાય છે. તો બીજીબાજુ ભુતલ ઉપર ભટકતાં દૈવીજીવોના સ્મરણથી , સ્વામિનિજીનું હૃદય પણ વિપ્રયોગ અનુભવી રહયું છે.ઉભયના આ વિયોગાગ્નિના સંમિલનથી પ્રગટેલું સ્વરૂપ એ જ શ્રીવલ્લભ.

આમ સંયોગ-વિપ્રયોગાત્મક શૃંગારરસની ભાવધારાઓથી રસાયેલા શ્રીવલ્લભે, શ્રીસુબોધિનીજી તથા અન્ય ગૃંથો દ્વારા, યુગલસ્વરૂપના આજ ભાવોનું પાન કરાવી ભક્તજનોને પરમાનંદની પ્રાપ્તિ કરાવી છે.



Scanned by CamScanner

૮) રસિક નાગર વક્ત્ર અનુરકત યા સ્વામિની વદનેન્દુ રમણરંગે...

રાગ- મલ્હાર, તાલ -ઝપતાલ

રસિક નાગર વક્ત્ર અનુરકત યા સ્વામિની વદનેન્દુ રમણરંગે,
બદન બદનં તદ્દભાવ કરણં વ્રજે નાસામુક્તા દ્દગભ્રૂકુટિ ભંગે ।।૧।।

પિચ્છ ગુચ્છાયલી ગ્રથિત ભવાવલી નિબિડ અલકાવલી સુધાસંગે,
પ્રણત વ્રજવધૂ પ્રાર્થના ઈથમેવ આરણ્ય તત્ફલ મિતિ પ્રસંગે ।।૨।।

શોભા શતવૃત નિકુંજ દ્વિદલાત્મક, પ્રશસ્ત વિપ્રયોગાત્મક વર્ધક અનંગે,
પદ્મનાભ પ્રભુ વેણુ પથ પ્રગટ કરી,સ્વસ્વરૂપ દર્શક હ્રદય અંગે રંગે।।૩।।



Scanned by CamScanner

(૯) સરસ અવનિ ભાવન આનંદ ધન...

આ પદ આમ તો અપૂર્ણ છે. છતાંએ એની બે કડીઓમાં પ્રગટ થતા ભાવો, ભાવક ને રસપ્લાવિત કરી દે છે. પદનો ભાવ કંઈક આ પ્રકારે છે.

રસપૂર્ણ આદિવૃંદાવનની ભૂમિમાં એક આનંદભાવન છે. જ્યાં સંસારના દુઃખોનો સંપૂર્ણ અભાવ છે. કારણકે આ આનંદભાવન તો પ્રભુનું નિવાસસ્થાન છે. પ્રભુના અનુપમ રસસૌંદર્યના અમૃતકિરણોથી આ વૃંદાવન બહુવિધ અંકુરિત થયુંછે. આ ભાવાંકુરોથી જ ભક્તોને ભગવાનમાં નિરોધ થાય છે. નિરોધ સિધ્ધ થતાં જ પોતાના એ પ્યારા ભક્તોને પ્રભુ સુખપૂર્વક પોતાના આનંદભવનમાં પોઢાઢે છે. એટલે "यद् गत्वान निवर्तते तद् धाम परमम"એવા આ ગોલોકધામની અલૌકિક ભૂમિમાં સ્થાન આપે છે.

ગોલોકધામના આ આનંદભવનમાં ભક્તોને પ્રાપ્ત થયેલું નવતનુત્વ અને લોકમાનું તનુનવત્વ શ્રી વલ્લભના કૃપાબલથી જ પ્રાપ્ત થાય છે.



Scanned by CamScanner

૯) સરસ અવનિ ભાવન આનંદ ધન...
રાગ- માલકૌંસ, તાલ -ઝપતાલ

સરસ અવનિ ભાવન આનંદ ધન,
કુંજ છબિ પુંજ સુખ સહચરી શોભા;
રસિક વલ્લભ પરમ નવલ યશ અનુપમ રૂપ
કિરણામૃત બહુભાતં ગોભાં ।।૧।।

નિજ નિરોધ અંગ અંગ,
પોઢે સુખ અપને રંગ વોવોધ નવકેલિ રસ રંગ રહે લોભા ।।૨।।



Scanned by CamScanner

## ૧૦) પ્રગટ ભયે શ્રી વલ્લભકુમાર...

શ્રીવિઠ્ઠલનાથજીની વધાઈ નું આ એક બીજું પદ છે. સમગ્ર વ્રજમંડળના આનંદનિધિ શ્રીવલ્લભકુમારનું પ્રાગટ્ય થઈ ચુક્યું છે. ગહેવરવન એટલે પ્રભુની નીત્ય રસ લીલાઓનું રમણિય સ્થાન. શ્રીગુંસાઈજીનું હૃદયકમલ એટલે જાણે આ ગહેવરવન. વાકપતિ શ્રીવલ્લભાની વચનસુધાના અનુભવી શ્રીગુંસાઈજી જાણે ભ્રમર બનીને આ વચનસુધા રૂપી સૌરભનો વિસ્તાર કરવા પ્રગટ થયા છે. એટલુંજ નહીં આપશ્રીતો વ્રજાધિપતિ શ્રીશ્યામસુંદરના અણમોલ રત્ન છે. કારણ રાસરમણ સમયે, રાસતરૂણિ શ્રીગોપિકાઓને પ્રાપ્ત થયેલા સંયોગ-વિપ્રયોગ શૃંગારરસના તરંગો આપનાં અંગે અંગ માંથી પ્રગટ થઈ રહયા છે. ભ્રમર સહિત આપશ્રીના નેત્રો, યુગલસ્વરૂપની કૃપાનું જ સૂચન કરે છે. રસિકજનોને રસ નુ દાન કરવા તો આપશ્રીએ ઉર ઉપર કીર્તિમય હાર ધારણ કર્યો છે. અતિપ્રવિણ શ્યામ-શ્યામાના કેલીવિલાસ પરાગનું પાન કરવા સકલવપુથી કમલપુષ્પમાં પ્રવેશ કરતા જાણે આપશ્રી ભ્રમર જ છે.

પદ્મનાભદાસજી વર્ણવે છે કે, આ અવનિપર અવતાર ધરી શ્રીવલ્લભો ધોષકુમાર, પ્રભુશ્રી શ્યામસુંદરના નીત્ય રમણરૂપ સ્નેહનું જે બીજ વાવ્યું હતું એ બીજને,પ્રચુર, પ્રચંડ, અખંડિત ભાવધારાઓથી મધુરવૃક્ષમાં નવપલ્લવિત કરનાર, શૃંગાર રસ અને રાગ-ભોગ-શૃંગાર ના મંડન સમા શ્રીવિઠ્ઠલનાથજી એ મધુરવૃક્ષાની ડાળ સમા લુમીઝુમી રહયા છે. વિલસી રહયા છે. અને સદૈવ રહેશે



Scanned by CamScanner

૧૦) પ્રગટ ભયે શ્રી વલ્લભકુમાર...
રાગ- બિહાગ , તાલ - ધમાર

પ્રગટ ભયે વલ્લભકુમાર, આનંદ સંપતિ સબવ્રજ મજાર,
હૃદય નિબિડ ગહેવર વિલાસવન વાકનૃપતિ કો અનુભાવી
મધુપ શરીર ધરી કુછ કરેંગે સૌરભ વિસ્તાર ।।૧।।

પરિવૃઢરત્ન રાસ તરૂણિ નભય, વૃન્દાવિપિન વિરહ શૃંગાર;
છબિકી લલિત તરંગ,અંગ અંગ મેં લસન્ત, સ્વામિની કૃપા
નિજધામ અભિરામ શ્યામધન, સુચન કરત દૃગ ભ્રો ંહ બાર ।।૨।।

રસિકનકો રસદાન કરન હિત, યશમય ઉરપહેરિહેહાર, અતિ
પ્રવીન નખ-શિખપ્રતિ, નિત્ય કેલિસંકુલિત સકલવપુ કરત પ્રવેશ,
સુત પરાગ લેનકો ફલ કમલ મધ્ય મુખવાર ।।૩।।

ધોષલાલકો નેહ નિરંતર બીજ બોયો અવનિ અવતાર
પ્રચુર પ્રચંડ ભયોદ્રુપ જિતતીત ભાવખંડ અવિરોધ અખંડિત રસમંડન
શ્રીવિઠલ પદ્મનાભ મધુરફૂલિ ડાર ।।૪।।



Scanned by CamScanner


## ૧૧) રાગ રંગ રંગી રસકો, રાસ રંગ રંગી હૈ...

"सौदर्यं निजहृद्गतंप्रकटितं स्त्रीगूढभावात्मकं ..."

એ શ્લોકની યાદ અપાવતું આ પદ-શ્રીવલ્લભના દીવ્ય સ્વરૂપ અને દીવ્યગુણોના દર્શન કરાવે છે. શ્રીવલ્લભતો "રાગ રંગ રંગી" અને "રાસ રંગ રંગી" છે. કારણ સ્નેહ- અનુરાગ સ્વરૂપ શ્રીસ્વામિનિજી અને રસ સ્વરૂપ શ્રીશ્યામસુંદરના હૃદય સૌંદર્યમાંથી પ્રગટ થયેલું ત્રિતયાત્મક સ્વરૂપ શ્રીવલ્લભ છે. શ્રીલક્ષ્મણભટના આ લાલ તો સ્વયં રસની મુરલિકા છે. કુંજ-નિકુંજોમાં વિહાર કરતાં, ઘનશ્યામ વાદળોમાં શોભતી વિજળી સમા સ્વામિનિજી સહિતના શ્રી શ્યામસુંદરે, સારસ્વતકલ્પમાં કરેલા વેણુવાદનઠથી સ્ત્રવિત થયેલા મધુરામૃતે જેમ ગોપિઓના હૃદયને મધુરરસથી ભરી દીધાં હતા. તેજ પ્રમાણે રસમુરલિકા રૂપ શ્રીવલ્લભે આ કલિકાલમાં બ્રહ્મસંબંધ મંત્ર દ્વારા, દૈવીજીવોના હૃદયપ્રદેશને મધુરરસથી ભરી દીધા. અતિરસાલ, લલિતત્રિભંગી પ્રભુએ સારસ્વતકલ્પમાં સ્નેહના દાન દીધાં. તેજ લલિતત્રિભંગી સ્વરૂપ કલિકાલમાં શ્રીવલ્લભે બ્રહ્મસંબંધના દાન કર્યા છે. "ફૂલ સ્વરૂપે અદેયદાનદક્ષ" શ્રીવલ્લભે એની પુષ્ટિ સૃષ્ટિને, આજ લલિતત્રિભંગી સ્વરૂપની સેવાના પણ દાન કર્યા છે.



Scanned by CamScanner



આ પદ સાથે જ શ્રીપદ્મનાભદાસજી કૃત રસિકપદોનો સંગ્રહ કરતી સી.ડી. ''રાગ રંગ રંગી રસકો, રાસ રંગ રંગી હૈ...'' ને અહીં વિરામ આપીએ છીએ, આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સર્વે આયોજકોના, આ કાર્યમાં પરિષદને સહયોગ આપનારા પ.ભ.ભાઈશ્રી હર્ષદભાઈ પોરેચા, તથા પ.ભ.ભાઈશ્રી વંશહરિદાસભાઈના, કીર્તનકાર શ્રીજમનાપ્રસાદ શર્માના, વાદ્યવૃંદના સર્વે કલાકારોના તથા ઉદ્‌ઘોષિકા શ્રીમતી કલ્પનાબેન શાહના તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહાય કરનારના સર્વે વૈષ્ણવોને સાદર ભગવત્ સ્મરણ.

Scanned by CamScanner